# મુખ્ય મકાઇ સંશોધન કેન્દ્ર ખાતે ગોધરા તાલુકાની પ્રાથમિક શાળાના વિધાર્થીઓની મુલાકાત

મુખ્ય મકાઇ સંશોધન કેન્દ્ર ખાતે તા. ૨૦, ૨૭ તેમજ ૨૯, ફેબ્રુઆરી, ૨૦૨૪ ના રોજ સિવિલ લાઇન્સ ગુજરાતી કન્યા શાળા, આંગડીયા મુખ્ય પ્રાથમિક શાળા, કાસુંડી પ્રાથમિક શાળા, ઓરવાડા કેન્દ્રવર્તી પ્રાથમિક શાળા તેમજ ચંચોપા પ્રાથમિક શાળા, તાલુકો:- ગોધરા, જિલ્લો:- પંચમહાલના કુલ ૩૪૬ જેવા પ્રાયમરીમાં ભણતા વિધાર્થીઓએ તેમજ ૨૭ શિક્ષકો દ્વારા અત્રેના મુખ્ય મકાઇ સંશોધન કેન્દ્રની મુલાકાત લીધેલ હતી.

શાળામાં ચાલતી **New Education Policy** અંતર્ગત આણંદ કૃષિ યુનિવર્સિટી હસ્તકના મુખ્ય મકાઇ સંશોધન કેન્દ્રની મુલાકાત માટે તેમજ સંશોધન કેન્દ્ર ખાતે થતાં વિવિધ સંશોધનો વિષે માહિતગાર થવા પ્રાયમરીમાં ભણતા વિધાર્થીઓને કેન્દ્રની મુલાકાત કરાવેલ હતી.

મુલાકાત દરમ્યાન અત્રેના કેન્દ્રના શ્રી.કે.એચ.પટેલ, મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક (એગ્રોનોમી) તેમજ શ્રી. ડી.એમ.રાઠોડ, મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક (વિસ્તરણ) દ્વારા વિધાર્થીઓને મકાઇની વિવિધ જાતો વિષે, કેન્દ્ર ખાતે ચાલતી સંશોધનને લગતી વિવિધ કામગીરી વિષે તેમજ મકાઈની નવીન વૈજ્ઞાનિક ખેતી પદ્ધતિ વિષે માહિતગાર કરેલ હતા.



લાઇન્સ ગુજરાતી કન્યા શાળા


આંગડીયા મુખ્ય પ્રાથમિક શાળા


ઓરવાડા કેન્દ્રવર્તી પ્રાથમિક શાળા તેમજ ચંચોપા પ્રાથમિક શાળા